# ગ્લાસગો CWG : મીરાબાઈએ ભારતને પહેલો ગોલ્ડ અપાવ્યો

## વેટલિફ્ટિંગમાં ઋષિકાંત સિંહે મેળવ્યો સિલ્વર મેડલ

**સ્નેચમાં** ગેમ્સ રેકોર્ડની બરાબરી કરી; ક્લીન એન્ડ જર્કમાં તક ચૂકતાં મલેશિયાના કાસદાને ગોલ્ડ જીત્યો

**દિવ્યાંગ** સિવાયની સામાન્ય રમત સ્પર્ધાઓમાં ભારતનો આ પ્રથમ મેડલ



ગ્લાસગો, તા. 26 (પીટીઆઈ): ગ્લાસગો ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની 60 કિગ્રા વેટલિફ્ટિંગ સ્પર્ધામાં ભારતના ઋષિકાંત સિંહે સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. મણિપુરના આ વેટલિફ્ટરે કુલ 264 કિગ્રા (સ્નેચમાં 121 કિગ્રા + ક્લીન એન્ડ જર્કમાં 143 કિગ્રા) વજન ઉંચકીને આ સિદ્ધિ મેળવી હતી. ચાલુ કોમનવેલ્થ ગેમ્સમાં દિવ્યાંગ સિવાયની સામાન્ય રમત સ્પર્ધાઓમાં ભારતનો આ પ્રથમ મેડલ છે.

સ્પર્ધાની શરૂઆતમાં ઋષિકાંતે શાનદાર પ્રદર્શન કરતા સ્નેચ રાઉન્ડમાં 121 કિગ્રા વજન ઉંચકીને કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડની બરાબરી કરી હતી અને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જોકે, ક્લીન એન્ડ જર્કમાં પોતાના છેલ્લા બે પ્રયાસો નિષ્ફળ જતાં તે માત્ર 143 કિગ્રા જ ઉંચકી શક્યો હતો, જેના કારણે ગોલ્ડ હાથમાંથી સરી ગયો હતો. મલેશિયાના મોહમ્મદ અનીક કાસદાને ક્લીન એન્ડ જર્કમાં 152 કિગ્રાનો નવો ગેમ્સ રેકોર્ડ બનાવીને કુલ 273 કિગ્રા સાથે ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો.

**48** કિગ્રા કેટેગરીમાં નવા કોમનવેલ્થ રેકોર્ડ બનાવી ચાનુએ સતત ત્રીજો ગોલ્ડ જીત્યો

**સિલ્વર** મેડલિસ્ટ કરતાં 22 કિગ્રા વધુ વજન ઉંચક્યું, રાષ્ટ્રગીત વાગતા મીરાબાઈ ભાવુક થઈ

ગ્લાસગો, તા. 26 (પીટીઆઈ): ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય વેટલિફ્ટિંગની શાન મીરાબાઈ ચાનુએ મહિલાઓની 48 કિગ્રા કેટેગરીમાં સતત ત્રીજો ગોલ્ડ મેડલ જીતીને ગોલ્ડની હેટ્રિક પૂર્ણ કરીને ભારતને આ ઈવેન્ટનો પહેલો ગોલ્ડ અપાવ્યો હતો. 31 વર્ષીય મણિપુરી સુપરસ્ટારે સ્નેચ વિભાગમાં કોમનવેલ્થ અને કોમનવેલ્થ ગેમ્સના જૂના રેકોર્ડ તોડવાની સાથે ક્લીન એન્ડ જર્ક તથા કુલ વજનમાં નવો કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવ્યા છે.

મીરાબાઈએ સ્નેચમાં 85 કિગ્રા અને ક્લીન એન્ડ જર્કમાં 105 કિગ્રા સાથે કુલ 190 કિગ્રા વજન ઉંચકીને



પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી હતી. તેનો દબદબો એવો હતો કે સિલ્વર મેડલ જીતનારી નાઈજીરીયાની રુથ એસુક્વો ન્યોંગ (કુલ 168 કિગ્રા) તેના કરતાં 22 કિગ્રા પાછળ રહી ગઈ હતી. મીરાબાઈની સ્પર્ધા ત્યારે શરૂ થઈ જ્યારે અન્ય તમામ સ્પર્ધકોનું પ્રદર્શન પૂરું થઈ ચૂક્યું હતું. જ્યારે તે પોડિયમ પર ઊભી હતી ત્યારે રાષ્ટ્રગીત વાગતા મીરાબાઈ ભાવુક થઈ હતી.

મેચ દરમિયાન શરૂઆતમાં મીરાબાઈને થોડો આંચકો લાગ્યો હતો, જ્યારે સ્નેચમાં તેનો 82 કિગ્રાનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. ક્લીન એન્ડ જર્કમાં પણ પ્રથમ પ્રયાસમાં નિષ્ફળતા મળ્યા બાદ તેણે બીજા પ્રયાસમાં 105 કિગ્રા વજન સહેલાઈથી ઉંચકીને ગોલ્ડ મેડલ સાથે નવો ગેમ્સ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. ગોલ્ડ પાક્કો થઈ જતાં, બે મહિના પછી યોજાનારી એશિયન ગેમ્સને ધ્યાનમાં રાખીને તેણે બિનજરૂરી જોખમ ટાળવા ત્રીજો પ્રયાસ છોડી દીધો હતો.

## સ્વિમિંગ અને જીમ્નાસ્ટિક્સમાં ભારતીયોનું આશાસ્પદ પ્રદર્શન

**પુરુષોની** રિલે ટીમે સ્વિમિંગ ફાઇનલમાં સ્થાન બનાવ્યું; જીમ્નાસ્ટ પ્રતિષ્ઠા સાહન્તા વોલ્ટ ફાઇનલમાં ક્વોલિફાય થઈ

**લોન** બોલ્સમાં રૂપા રાની અને પિંકીની જોડીનો પરાજય, સેમિ.માં પહોંચવા ઈંગ્લેન્ડને હરાવવું પડશે

ગ્લાસગો, તા. 26: ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય રમતવીરોએ સ્વિમિંગ અને જીમ્નાસ્ટિક્સ ક્ષેત્રે શાનદાર દેખાવ કર્યો છે. પુરુષોની 4x200 મીટર ફ્રીસ્ટાઈલ રિલે સ્વિમિંગ સ્પર્ધામાં દક્ષણ શશિકુમાર, અનીશ ગૌડા, આર્યન નેહરા અને શ્રીહરિ નટરાજની ભારતીય ચોકડીએ 7:39.48નો સમય નોંધીને પોતાની હીટમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આ સાથે જ ભારતીય ટીમે 8 ટીમોની મુખ્ય ફાઈનલમાં સ્થાન મેળવીને મેડલની આશા જીવંત રાખી છે. બીજી તરફ જીમ્નાસ્ટિક્સમાં, પશ્ચિમ બંગાળની 22 વર્ષીય પ્રોતિષ્ઠા સાહન્તાએ મહિલા વોલ્ટ ક્વોલિફિકેશનમાં 13.025 નો સ્કોર કરીને પાંચમું સ્થાન મેળવ્યું છે અને ટોપ-8 ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી છે. જોકે, અન્ય ભારતીય જીમ્નાસ્ટ પ્રણતિ નાયક 11મા ક્રમે રહીને ફાઈનલમાં પહોંચવાથી સહેજમાં ચૂકી ગઈ હતી. દરમિયાન, લોન બોલ્સ રમતમાંથી ભારત માટે નિરાશાજનક સમાચાર આવ્યા હતા. મહિલા પેર વિમેન્સ વિમેન સેક્શનલ ઈવેન્ટમાં રૂપા રાની તિર્કી અને પિંકી સિંહની સતત ત્રણ મેચથી ચાલી આવતી જીતની શ્રેણીનો નામીબિયા સામેની રોમાંચક મેચમાં અંત આવ્યો હતો. હવે સેમિફાઈનલમાં પહોંચવા માટે ભારતીય જોડીએ પોતાની અંતિમ ગ્રુપ મેચમાં ઈંગ્લેન્ડ સામે જીતવુ પડશે.

## યુથ હોકી5s એશિયન ચેમ્પિયનશિપ: ભારતે પાકિસ્તાનને હરાવી ગોલ્ડ જીત્યો

**કેપ્ટન** કેતન કુશવાહા, રોમિત અને શાહરૂખના ગોલથી ભારત ચેમ્પિયન

**હોકી** ઈન્ડિયાએ ખેલાડીઓ માટે રોકડ ઇનામની જાહેરાત કરી




મસ્કટ, તા. 25 (પીટીઆઈ): મસ્કત ખાતે રમાયેલી FIH યુથ હોકી5s એશિયન ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભારતીય સબ-જુનિયર પુરુષ ટીમે શાનદાર પ્રદર્શન કરતા કટ્ટર પ્રતિદ્વંદ્વી પાકિસ્તાનને 3-1થી હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ જીત સાથે ભારતીય ટીમે ઈલાઈટ પૂલ ટેબલમાં પણ ટોચનું સ્થાન મેળવ્યું છે.

ફાઈનલ મેચમાં રોમિત પાલે (5મી મિનિટ) ગોલ ફટકારીને ભારતને 1-0થી લીડ અપાવી હતી. ત્યારબાદ બીજા ભાગમાં કેપ્ટન કેતન કુશવાહા (12મી મિનિટ) અને શાહરૂખ અલીએ (13મી મિનિટ) ગોલ કરીને ભારતની સરસાઈ 3-0 કરી દીધી હતી. પાકિસ્તાન તરફથી મુહમ્મદ ઉસ્માને એક ગોલ કર્યો હતો, પરંતુ ભારતીય ડિફેન્સ સામે તેઓ વાપસી કરી શક્યા નહોતા. ફાઈનલમાં પહોંચવાની સાથે જ ભારત અને પાકિસ્તાન બંનેએ પ્રથમ FIH યુથ હોકી5s વર્લ્ડકપ માટે ક્વોલિફાય કરી લીધું છે. મહિલા ટીમે પણ આ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો છે. બંને ટીમોના શ્રેષ્ઠ પ્રદર્શનને બિરદાવતા હોકી ઈન્ડિયાએ પુરુષ ટીમના પ્રત્યેક ખેલાડીને રૂ. 2 લાખ અને સપોર્ટ સ્ટાફને રૂ. 1 લાખ તેમજ મહિલા ટીમના પ્રત્યેક ખેલાડીને રૂ. 1 લાખ અને સપોર્ટ સ્ટાફને રૂ. 50,000 આપવાની જાહેરાત કરી છે.

## FIH યુથ હોકી : ભારતીય મહિલા ટીમને સિલ્વર મેડલ




**સેમિફાઇનલમાં** કઝાકિસ્તાનને 8-1થી હરાવી વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું

**ફાઇનલમાં** ચીન સામે 2-4થી પરાજય

મસ્કટ, તા. 25 (પીટીઆઈ): ઓમાનના મસ્કત ખાતે રમાયેલી FIH યુથ હોકી 5s એશિયન ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભારતીય મહિલા હોકી ટીમનો ચીન સામે 2-4થી પરાજય થયો હતો. ફાઈનલમાં હાર છતાં રનર્સ-અપ રહીને સિલ્વર મેડલ જીતવાની સાથે ભારતે FIH યુથ હોકી 5s વર્લ્ડકપ માટે પણ પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે.

ફાઈનલ મેચમાં ચીને શરૂઆતથી જ દબદબો બનાવી રાખીને હાફ-ટાઈમ સુધી 3-0ની લીડ મેળવી લીધી હતી. મેચના બીજા ભાગમાં ભારત તરફથી નૌશીન નાઝ (13મી મિનિટ) અને પુષ્પા માંઝીએ (20મી મિનિટ) ગોલ કરીને વાપસીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચીને પોતાની લીડ જાળવી રાખીને ટાઈટલ જીતી લીધું હતું.

આ અગાઉ સેમિફાઈનલમાં ભારતે કઝાકિસ્તાન સામે એકતરફી પ્રદર્શન કરતા 8-1થી ભવ્ય વિજય મેળવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમિફાઈનલમાં ભારત વતી પુષ્પા માંઝી, કેપ્ટન દિયા, સંદીપા કુમારી, શ્રુતિ કુમારી અને નૌશીન નાઝે શાનદાર ગોલ કર્યા હતા.

## ભારતે ઝિમ્બાબ્વેને ક્લીન સ્વીપ કર્યું

**વૈભવ** સૂર્યવંશીની પરિપક્વ 81 રનની ઈનિંગ, મયંક યાદવની ધારદાર બોલિંગથી ભારતનો 35 રને વિજય



હરારે, તા. 26 (પીટીઆઈ): હરારે ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ ટી20 મેચમાં 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીના 81 રન અને મયંક યાદવની (3 વિકેટ) ઝડપી બોલિંગની મદદથી ભારતે ઝિમ્બાબ્વેને 35 રને હરાવી દીધું છે.

ભારતે આપેલા 193 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 157 રન જ બનાવી શકી હતી.

આ વિજય સાથે ભારતે ત્રણ મેચોની ટી20 શ્રેણીમાં 3-0થી ક્લીન સ્વીપ કર્યું છે. ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ સામે શ્રેણી ગુમાવ્યા બાદ ભારત માટે આ શાનદાર વાપસી છે. ટોસ જીતીને પ્રારંભમાં જ બેટિંગ પસંદ કરનાર ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર અભિષેક શર્મા માત્ર 2 રન બનાવી આઉટ થયો હતો. જોકે, વૈભવ સૂર્યવંશીએ ખૂબ જ પરિપક્વતા દર્શાવતા 49 બોલમાં 81 રનની ઈનિંગ રમી હતી. તેણે 31 બોલમાં પોતાની ટી-20 અડધી સદી પૂરી કરી હતી અને ઈશાન કિશન (29) સાથે 75 રનની તથા શ્રેયસ અય્યર (27) સાથે 50 રનની ભાગીદારી કરી હતી. અંતમાં રિંકુ સિંહે 14 બોલમાં 25 રન બનાવતા ભારતે 20 ઓવરમાં 192 રનનો સ્કોર ઊભો કર્યો હતો.

ઝિમ્બાબ્વેની ટીમ ભારતીય બોલિંગ સામે 157/7 રન જ બનાવી શકી હતી. રાયન બર્લે અણનમ 54 રન બનાવી પ્રતિકાર કર્યો હતો, પરંતુ મયંક યાદવ અને યશ ઠાકુરની (2 વિકેટ) ધારદાર બોલિંગે ઝિમ્બાબ્વેના ટોપ ઓર્ડરને ધ્વસ્ત કરી દીધો હતો.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| વૈભવ કો ઈવાન્સ બો માધેવેર | 81 | 49 | 8 | 4 |
| અભિષેક કો મારુમની બો મુઝારબાની | 2 | 4 | 0 | 0 |
| ઈશાન બો સિકંદર | 29 | 26 | 4 | 0 |
| શ્રેયસ કો માધેવેર બો ઈવાન્સ | 27 | 18 | 2 | 0 |
| તિલક અણનમ | 11 | 9 | 1 | 0 |
| રિંકુ કો માધેવેર | 25 | 14 | 2 | 1 |
| વધારાના | 17 | | | |
| કુલ 20 ઓવરમાં 5 વિકેટે | 192 રન | | | |

**વિકેટ પતન:** 1-20, 2-95, 3-145, 4-164, 5-192

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| સિકંદર રઝા | 4 | 0 | 40 | 1 |
| બ્લેસિંગ મુઝારબાની | 4 | 0 | 33 | 1 |
| ન્યૂમેન ન્યામહુરી | 2 | 0 | 18 | 0 |
| બ્રાડ ઈવાન્સ | 4 | 0 | 41 | 2 |
| વેલિંગ્ટન મસાકદ્ઝા | 1 | 0 | 14 | 0 |
| વેસલી માધેવેર | 4 | 0 | 37 | 1 |
| બ્રિયાન | 1 | 0 | 7 | 0 |

| ઝિમ્બાબ્વે | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેનેટ કો વૈભવ બો મયંક | 0 | 1 | 0 | 0 |
| કરેન કો યાદવ બો બિશ્નોઈ | 20 | 19 | 2 | 0 |
| ડિયોન કો અય્યર બો ઠાકુર | 19 | 15 | 1 | 1 |
| સિકંદર કો બો ઠાકુર | 0 | 1 | 0 | 0 |
| રયાન અણનમ | 54 | 43 | 5 | 0 |
| માધેવેર કો તિલક બો મયંક | 28 | 25 | 1 | 2 |
| મારુમની બો અશોક | 1 | 3 | 0 | 0 |
| બ્રાડ કો સિંહ બો યાદવ | 14 | 13 | 0 | 1 |
| ન્યૂમેન અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 20 | | | |
| કુલ 20 ઓવરમાં 7 વિકેટે | 157 રન | | | |

**વિકેટ પતન:** 1-0, 2-34, 3-34, 4-65, 5-125, 6-134, 7-156

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મયંક યાદવ | 4 | 0 | 29 | 3 |
| યશ ઠાકુર | 4 | 0 | 45 | 2 |
| અશોક શર્મા | 4 | 0 | 20 | 1 |
| રવિ બિશ્નોઈ | 4 | 0 | 24 | 1 |
| સૂર્યાંશ શેગડે | 2 | 0 | 15 | 0 |
| અભિષેક શર્મા | 2 | 0 | 18 | 0 |

## સુડોકુ ૬૫૮૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૫ | ૭ | ૨ |
| | ૧ | ૬ | ૩ | | ૨ | ૪ | ૯ | ૮ |
| ૪ | | | ૭ | ૮ | | ૬ | ૧ | ૩ |
| | | | | ૪ | | ૭ | | ૧ |
| | ૪ | | | | | | ૮ | |
| | | | | ૭ | | | | |
| ૮ | | ૧ | ૪ | ૩ | ૭ | | ૬ | ૯ |
| ૬ | ૭ | | | ૨ | | ૮ | | ૪ |
| | | | ૯ | | ૮ | | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



સુડોકુ-૬૫૮૫ નો ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### શાતા અને સ્ફૂર્તિ

શરીર અને મન સ્વસ્થ હોય તો શાતા સહજ છે. બ્રાહ્મી અને શંખપુષ્પ ચૂર્ણ સરખા ભાગે ભેળવી ડૂબે તેટલા મધમાં મેળવીને રાખો. રોજ સવારે એક ચમચી મિશ્રણ, તુલસીના દશ પાન સાથે ખાઇ લો.

## ICC T20I રેન્કિંગમાં ભારતીય ટીમે ફરીથી નંબર 1 સ્થાન મેળવ્યું

**ઝિમ્બાબ્વે** સામે શ્રેણી વિજય સાથે ઈંગ્લેન્ડને પાછળ છોડ્યું

**બેટિંગ** રેન્કિંગમાં ઈશાન કિશન અને અભિષેક શર્મા ટોચ પર



દુબઈ, તા. 26 (પીટીઆઈ): હરારે ખાતે રમાઈ રહેલી ત્રણ મેચોની ટી20 શ્રેણીમાં ઝિમ્બાબ્વે સામે 2-0થી અજેય સરસાઈ મેળવ્યા બાદ ભારતે રવિવારે આઈસીસી મેન્સ ટી-20આઈ ટીમ રેન્કિંગમાં ફરી એકવાર ટોચનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

વર્તમાન ટી20 વર્લ્ડ ચેમ્પિયન ભારતે ઈંગ્લેન્ડ પાસેથી આ નંબર-1નું સ્થાન પાછું મેળવ્યું છે. તાજેતરમાં જ ઈંગ્લેન્ડ સામેની ટી20 શ્રેણીમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમનો 0-4થી પરાજય થયો હતો, જેના કારણે ઈંગ્લેન્ડે ભારતને ટોચના સ્થાનેથી હટાવી દીધું હતું. આ સિવાય તે પહેલાં ભારત આયર્લેન્ડ સામે પણ 0-2થી શ્રેણી હારી ગયું હતું.

જોકે, ભારતીય ટીમે ફરીથી શાનદાર વાપસી કરી છે. હરારે ખાતે રમાયેલી પ્રથમ ટી20 મેચમાં ઝિમ્બાબ્વેને સાત વિકેટે હરાવ્યા બાદ બીજી મેચમાં 90 રનથી ભવ્ય જીત નોંધાવીને ભારતે 2-0ની લીડ મેળવી લીધી છે.

ખેલાડીઓના વૈયક્તિક રેન્કિંગની વાત કરીએ તો, ઝિમ્બાબ્વે સામેની બીજી મેચમાં અડધી સદી ફટકારનાર ભારતીય ટોપ-ઓર્ડર બેટ્સમેન ઈશાન કિશન 892 પોઈન્ટ સાથે ટી20 બેટ્સમેનોની યાદીમાં ટોચ પર છે. જ્યારે અભિષેક શર્મા 858 પોઈન્ટ સાથે બીજા ક્રમે રહ્યો છે.

બીજી મેચમાં ઝડપી અડધી સદી ફટકારનાર તિલક વર્માએ 733 પોઈન્ટ સાથે પોતાનું આઠમું સ્થાન જાળવી રાખ્યું છે. બોલરોની યાદીમાં, ઝિમ્બાબ્વે પ્રવાસનો હિસ્સો ન હોવા છતાં સ્પિનર વરૂણ ચક્રવર્તી ટોપ-10માં એકમાત્ર ભારતીય બોલર છે, જે 683 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને યથાવત છે.

## શ્રીલંકા ટેસ્ટ શ્રેણી: ભારતીય ટીમ ફિટનેસ સમસ્યાઓથી ઘેરાઈ

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચની શ્રેણી માટે મંગળવારે ભારતીય ટીમની જાહેરાત થાય તે પહેલા પસંદગીકારો ફિટનેસની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર ગાલે ખાતેની પ્રથમ ટેસ્ટ સુધી ફિટ થવાની શક્યતા ઓછી છે, જેથી ચોથા સ્પિનર તરીકે સારંશ જૈનના નામ પર વિચાર થઈ રહ્યો છે. હર્ષિત રાણા, નીતિશ રેડ્ડી અને આકાશ દીપ પણ ઈજાના કારણે બહાર છે. બીજી તરફ, ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પણ ફિટનેસ ટેસ્ટ આપશે. જો તે ઉપલબ્ધ નહીં થાય તો મોહમ્મદ સિરાજ, ગુરનૂર બરાર અને પ્રસિદ્ધ કૃષ્ણ પેસ આક્રમણની આગેવાની કરશે. દરમિયાન, સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા સંપૂર્ણપણે ફિટ થઈ ગયો છે અને બેંગલુરુમાં તાલીમ લઈ રહ્યો છે.

## શબ્દગુંફન - ૭૨૫૦

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. છત્રીવાળી ગાડી (૪)
૪. પચેલું (૩)
૭. જાવરો (૩)
૯. અંકુશ (૩)
૧૦. મૂળગામ કે દેશ (૩)
૧૨. રહેવાનું સ્થળ (૨)
૧૩. સુંદર સ્ત્રી (૨)
૧૫. બોલાવવા માટે પાડેલી બૂમ (૨)
૧૬. અવસ્થા (૨)
૧૭. પર્વત (૨)
૧૯. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૦. કંટાળેલું (૨)
૨૧. હાથી (૨)
૨૨. શરીર, દેહ (૨)
૨૪. લક્ષ્મી (૨)
૨૬. અંત:કરણ, દિલ (૨)
૨૭. દુશ્મન (૨)
૨૮. લીન, ડૂબેલું (૨)
૩૦. માછલું (૨)
૩૨. સોનું (૩)
૩૪. થોડા વાળની સેર (૨)
૩૬. સાથે ચાલનાર (૪)
૩૯. તદ્દન (૪)
૪૦. એક સરખું (૪)

**ઊભી ચાવી**

૨. ભૂલભરેલું (૩)
૩. આનંદ (૨)
૪. અધિકાર (૨)
૫. ઘા ઉપર લગાડવાનું ઔષધ (૩)
૬. સરખી સપાટીવાળું (૪)
૮. ટેક, આબરૂ (૨)
૧૦. ભાર, દબાણ (૩)
૧૧. ''ચેતતો...... સદા સુખી'' (૨)
૧૨. ડર, બીક (૨)
૧૪. મારવું તે (૨)
૧૫. અવસ્થા, સ્થિતિ (૩)
૧૬. મોજૂદ (૩)
૧૮. આકાશ (૩)
૨૩. પુરુષ (૨)
૨૫. સ્વામી, શેઠ (૩)
૨૬. તાકાત (૩)
૨૭. હદ વિનાનું (૪)
૨૯. લાગ (૨)
૩૧. ખુમારી, કેફ (૨)
૩૩. આંખ (૩)
૩૫. એક વજન (૨)
૩૭. બાળ ભાષામાં ચવાણું (૨)
૩૮. બહાનું (૨)



શબ્દગુંફન - ૭૨૪૯ નો ઉકેલ

## આજનું પંચાંગ

**તા. 27/07/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: તેરસ : 16:15
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 05
**યોગ :** વૈધૃતિ **કરણ:** ગર
**નક્ષત્ર :** મૂળ : 10:29 સુધી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી.
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** અશુભ - ગુજરાતમાં મોળાકાત અને જયા પાર્વતી વ્રતારંભ
**સુરતમાં સૂર્યોદય :** 06:11 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:18
**નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 12મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુકાળ:** સવારે : 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** માન સન્માન વધશે. અચાનક અટકેલાં કામમાં ગતિ આવે. પ્રવાસના કામમાં પ્રગતિ થાય. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** આરોગ્યનું ધ્યાન રાખવું. કામનો બોજ વધશે. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ,):** પારિવારિક સંબંધોમાં તણાવ પેદા થાય. નોકરીની તલાશ પૂર્ણ થાય. સામાજિક કામમાં યશ મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** સ્વાર્થી લોકો નોકર-ચાકર અને વિજાતિ મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં પ્રભુત્વ વધશે. મન અશાંત.

**સિંહ (મ,ટ,):** આર્થિક બાબતે ધીરજથી નિર્ણય લેવા. મિત્રોની મદદ મળશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. અવર-જવર વધે. નોકરીમાં નવી તક મળે.આવક વધશે.

**તુલા (ર,ત,):** જીવનસાથી સાથે પારિવારિક કામ થાય. મિત્રોથી મદદ નવા વેપારમાં મળે. અચાનક અટકેલાં કામ પાર પડે.

**વૃશ્ચિક (ન,ય,):** વાણી વ્યવહાર કુશળતા અને બૌદ્ધિક ચર્ચાથી અટકેલાં કામ સફળ બને. માન-પ્રતિષ્ઠા વધે. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સ્વાર્થી મિત્રો અને સ્વજનોથી સાવધાન રહેવું. નોકરી-ધંધામાં તક મળે. ધાર્મિક પ્રવાસ થાય.

**મકર (ખ,જ,):** પડવા-વાગવાથી સંભાળવું, મિત્રો સાથે મનોરંજન થાય. ખર્ચા વધે. ગુપ્ત ભય સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધે. પ્રતિષ્ઠા વધે. શેર, બજારમાં લાભ થાય. પરીક્ષામાં અનુકૂળતા રહે. શુભ સમાચાર મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવા કામમાં નવી તક ઊભી થાય. વડીલોની મદદ મળે. સમાજમાં યશ મળે. આવક વધે.

## કોઈ પણ સાલમાં 27 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થશે. નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ વધે. સમાજમાં દોડ-ધામ અને પરિવારમાં અશાંતિ વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અટકે. આરોગ્ય નરમ-ગરમ રહે. નોકરી ધંધામાં સરકારી નીતિ અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીની સમસ્યા સતાવે. ખર્ચા વધે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્યમાં સફળ બને. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. સભાન રહેવું પડશે. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. માર્ચ-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર, મંગળ ગુરુવાર, 09, 18, 27, તારીકે નવા કામ કરવા. ડિસેમ્બર, જાન્યુઆરી, બુધ-શનિવાર, 08, 17, 26 તારીખે નવા કામ ટાળવાં. લાલ રંગનો ઉપયોગ કરવો. સફેદ ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરવાં.

## અનાહત વર્લ્ડ જુનિયર સ્કવોશ ચેમ્પિયનશિપ જીતનાર પ્રથમ ભારતીય

**ફાઇનલમાં** ઇજિપ્તની રુકાયા સલેમને માત આપી

**વર્લ્ડ** ચેમ્પિયનશિપ ટાઇટલ પર ઈજિપ્તનો છેલ્લા 16 વર્ષથી દબદબો હતો



નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): 18 વર્ષીય દિલ્હીની અનાહત સિંહે ઓન્ટારિયો ખાતે યોજાયેલી વર્લ્ડ જુનિયર સ્કવોશ ચેમ્પિયનશિપની મહિલા ફાઈનલમાં ઈજિપ્તની રુકાયા સલેમને 11-3, 11-7, 11-9થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો છે. આ સાથે જ તે આ પ્રતિષ્ઠિત ટાઈટલ જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બની ગઈ છે.

સ્કવોશની દુનિયામાં એક પછી એક સતત ત્રણ ઈજિપ્તના ખેલાડીઓને હરાવવું એ પોતાનામાં જ એક મોટી સિદ્ધિ છે. અનાહત સિંહે ક્વાર્ટર ફાઈનલમાં બાર્બ સામેહને 3-1 અને સેમિફાઈનલમાં હબીબા રિઝકને 3-1થી માત આપી હતી. આ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ પર ઈજિપ્તનો છેલ્લા 16 વર્ષથી સતત દબદબો હતો, જેને અંત આપીને અનાહતે ભારતને પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો છે.

## હંગેરિયન ગ્રાન્ડ પ્રિ.: નોરિસે 8 મહિના બાદ ફોર્મ્યુલા 1 રેસ જીતી

**એન્ટોનેલીએ** પોઈન્ટ ટેબલમાં પોતાની લીડ મજબૂત કરી

**પેનલ્ટીના** કારણે લુઇસ હેમિલ્ટન પાંચમા સ્થાને ફેંકાયો




મોગીયોરોડ, તા. 26: મેક્લેરેનના ડિફેન્ડિંગ ચેમ્પિયન લેન્ડો નોરિસે શાનદાર સ્પીડ અને થોડા નસીબના સાથથી હંગેરિયન ગ્રાન્ડ પ્રિક્સમાં જીત મેળવીને 8 મહિનાથી ચાલી આવતી ટાઈટલની આતુરતાનો અંત આણ્યો છે. પિયાસ્ટ્રીનું ગિયરબોક્સ ખરાબ થતાં મેક્સ વર્સ્ટાપેન બીજા અને કીમી એન્ટોનેલી ત્રીજા સ્થાને રહ્યા હતા. પેનલ્ટી હોવા છતાં ત્રીજું સ્થાન મેળવીને મર્સિડીઝના કીમી એન્ટોનેલીએ ચેમ્પિયનશિપ રેસમાં પોતાની લીડ 50 પોઈન્ટ સુધી વધારી દીધી છે. બીજી તરફ ફેરારીના લુઇસ હેમિલ્ટનને પાંચમા સ્થાને ધકેલાઈ ગયો હતો.